# રમેશ પારેખની કવિતામાં વિશ્વચેતના

**પ્રા. હિરજી સિંચ, સરકારી વિનયન કોલેજ, રાણાવાવ**

રમેશ પારેખ ગુજરાતી કવિતાજગતની એક અદ્વિતીય ઘટના હતી, અને રહેશે. રમેશ પારેખ મુશળધાર વરસ્યા અને ગુજરાતી કવિતાને ન્યાલ કરી દીધી. રમેશ પારેખના ગજાના કવિની રાહ જોવી જ રહી. કામણગારી કવિતાના સ્વામી કવિ રમેશ પારેખ ર૭મી નવેમ્બર, ૧૯૪૦ના રોજ જન્મ્યા અને જાણે ગુજરાતી કવિતાજગતમાં એક નવા યુગનો ઉદય થયો. રમેશ પારેખની એક વ્યાપક ઓળખ ગીતકવિની રહી છે. ખરેખર તો ગીત, ગઝલ અને અછાંદસ એમ એકસાથે ત્રણેય સ્વરૂપમાં એનો જોટો જડવો મુશ્કેલ છે. ગીત, ગઝલ અને અછાંદસ એમ એકસાથે ત્રિવિધ સ્વરૂપમાં ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ વિપુલ સર્જન કરનાર ગુજરાતી સાહિત્યમાં રમેશ પારેખ સિવાય અન્ય કોઇ કવિ નથી. રમેશ પારેખની વિશેષતા છે એમની કવિતાનું વિષયવૈવિધ્ય અને સમૃદ્ધ કલ્પનવૈભવ. રમેશ પારેખની વ્યક્તિમત્તાનો પરિચય એમની કવિતાનું વિષયવૈવિધ્ય કરાવે છે. પ્રેમ, પ્રકૃતિ, પ્રભુભક્તિ, નગરસંવેદના તો હોય જ પણ 'કાગળો મરી ગયો', 'એનું X-Ray દર્શન', '૯૯ વર્ષના રજપૂતનું ઊર્મિગીત', 'બે કાન વચ્ચે માથુ', 'બાબુભાઇ (**B.A.**)નું હાલરડું', ''મ' પુરાણ', 'શિકારીની બંદુકમાં ઊગેલા બે ગીત', 'પેનબાઇ ઈંડુ કયાં મૂકશો ?', 'કલમને કાગળ ધાવે' વગેરે કાવ્યશીર્ષકો કવિનું વિષયવૈવિધ્ય ચીંધે છે. ગુજરાતી કવિઓનું સંવેદન કયારેય સીમિત રહ્યું નથી. ગુજરાતી કવિઓનું સંવેદન વૈશ્વિક ફલક સુધી વિસ્તર્યું છે. એ પછી ઉમાશંકર જોશી હોય, કે સુન્દરમ હોય, હરિશ્ચંદ્ર ભટ્ટ હોય કે પછી રમેશ પારેખ હોય. ગુજરાતી કવિઓની કવિતામાં વિશ્વચેતના ધબકતી જોવા મળે છે. ઉમાશંકર જોશી એમની વિશ્વચેતનાની ભાવના આ રીતે અભિવ્યક્ત કરે છે :

*" વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી*
*માથે ધરું ધૂળ વસુંધરાની"*

ઉમાશંકર જોશીને વ્યક્તિ મટી વિશ્વમાનવી બનવાની ખેવના છે. ઉમાશંકર જોષીની માફક કવિ રમેશ પારેખની કવિતામાં પણ વિશ્વસંવેદના ઝિલાઇ છે. આ સ્થાનેથી રમેશ પારેખની વિશ્વચેતનાને અભિવ્યક્ત કરતી કવિતાઓ તપાસવાનો ઇરાદો છે. આ લખાણ માટે રમેશ પારેખ રચિત 'છ અક્ષરનું નામ' સમગ્રકવિતાની પાંચમી આવૃત્તિ, ઓકટોબર ર૦૦૯ને ખપમાં લીધી છે.

*'નથી સમાતો આજ હવે તો*
*હું આ મારા છ અક્ષરમાં'*

એમ કહી રમેશ પારેખ પોતાની ઓળખ આપે છે કે પોતે હવે આ છ અક્ષરમાં સીમિત નથી. કવિએ અહીં પોતાની વિસ્તૃત સંવેદનાશક્તિ અને વિચારશક્તિનો સંકેત આપી દીધો છે. અન્ય એક શે'રમાં પોતાનું સરનામું આપતા કહે છે તે પણ સૂચક છે :

*'ચીંધ આખું વિશ્વ તું એને રમેશ*
*જેને સરનામું ર.પા.નું જોઇએ'*

રમેશ પારેખનું સરનામું એટલે આ વિશાળ આખું વિશ્વ. રમેશ પારેખ કહે છે કે કોઇ વ્યક્તિને રમેશ પારેખનું સરનામું જોઇએ તો તેમને આ આખું વિશ્વને ચીંધ. આમ, રમેશ પારેખ વિશ્વમાં વિસ્તરલા કવિ છે. કવિ વિશ્વમાં વિસ્તર્યા છે, એટલું જ નહીં પણ કવિ વિશ્વને પોતાની પ્રિયતમા ગણે છે અને ચાહે છે. જુઓ–

*'વિશ્વ મારી પ્રિયતમા છે'*

× × ×

*'મારું કાવ્ય એ તો*
*મેં વિશ્વના હોઠ પર કરેલું ચુંબન છે.'*

આમ રમેશ પારેખ માટે સમગ્ર વિશ્વ એની પ્રિયતમા છે અને એમની કવિતા પ્રિયતમાના (વિશ્વના) હોઠ પર કરેલું ચુંબન છે. રમેશ પારેખની વિશ્વચેતના એ ઉમાશંકર જોષીની વિશ્વચેતનાથી આ રીતે અલગ પડે છે. ઉમાશંકર જોષીને વિશ્વમાનવી બનવાની ખેવના છે, જયારે રમેશ પારેખ આ વિશ્વ સાથે એકાકાર થયેલા કવિ છે. રમેશ પારેખની વિશ્વ સાથેની ગાઢ આત્મીયતાનો પરિચય ઉપરોક્ત પંક્તિઓમાંથી મળી રહે છે.

સૌંદર્ય એ કવિ માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે, અને રહેશે. વિશ્વને સુંદર બનાવવાની જવાબદારી સ્વીકારીને બેઠેલા કવિ રમેશ પારેખ 'ઉમાશંકરભાઇને.....' (કવિશ્રીના દેહવિલયના ખબર વાંચીને લખાયેલું કાવ્ય) કાવ્યમાં ઉમાશંકર જોષીની વિશ્વસંવેદનાની નોંધ લીધી છે.

***'તમે વિશ્વને નાનું કરવા મથ્યા***
***અને કર્યું***
***ઝીણી ઝીણી બે આંખોથી ને હૃદયથી'***

ઉપરોક્ત કાવ્યપંક્તિઓમાં ઉમાશંકર જોષીની વિશ્વસંવેદનાના સાક્ષાત્કાર જોવા મળે છે. એ જ કાવ્યમાં આગળ ઉમાશંકર જોષીને ઉદેશીને કહે છે તેમાં રમેશ પારેખની વિશ્વસંવેદનાનો પરિચય પણ મળી રહે છે.

**'અમારી વાત કહેજો**
**મારગે મળતા દેવોને–**
**આખું માનવકુળ ભોળું છે**
**ક્ષમાપાત્ર છે'**

× × ×

***'પાછા આવો ત્યારે શું શું લાવશો***
***આ તમારા માનવકુળ માટ ?'***

× × × ×

***'અરે હા,***
***તમે આવો ત્યાં સુધીમાં***
***અમે વિશ્વને વધુ સુંદર કરી રાખશું, કવિ.....'***

માનવકુળ ભોળું છે એમ કહીને માનવજાતની નિર્બળતાઓ ક્ષમાપાત્ર છે એવી ઉમાશંકર જોષીને દેવો પાસે પ્રાથના કરવા કવિ રમેશ પારેખ વિનવે છે. ઉમાશંકરે કરેલા સંકલ્પને આગળ વધારવાની જવાબદારી રમેશ પારેખે સહજ જ સ્વીકારી લીધી છે.

વિશ્વપ્રેમને કારણે કવિનું ઘર એટલું વિસ્તર્યું છે કે હવે તો આ વિશ્વને જ કવિ પોતાનું ઘર ગણે છે. 'હાથ નહીં આવે મને' ગઝલના શે'રનો ઉલા મિસરા જોવા જેવો છે –

***'ઘર હતું તે વિસ્તરીને વિશ્વ થઇ બેઠું અને.....'***

કવિનું ઘર એટલું વિસ્તરે છે કે જાણે આખું વિશ્વ એમનું ઘર હોય. ઘરનું વિશ્વમાં થયેલ રૂપાંતરણ વિશે ખુદ કવિને પણ ખબર રહેતી નથી. આપણા ઘરમાંથી કોઇ ચીજ ઓછી થાય તો તરત જ એનો ખ્યાલ આવે છે, એમ કવિના ઘરમાંથી (વિશ્વમાંથી) જો એક પાંદડું પણ ઓછું થાય છે ત્યારે કવિ પોતાની વ્યથા આ રીતે કાવ્યસ્થ કરે છે.

***'પ્રત્યેક લીલોતરી મારી સત્તાનો પરિઘ છે,***
***મારા જન્મ સાથે કુદરતે મને દીધેલો એ ઉપહાર છે***
***વિશ્વમાંથી તૂટતા એકાદ પાનથી ય***
***મારી સત્તા ખંડિત થાય છે'***

– ઉપરોક્ત પંક્તિઓમાં કવિની વિશ્વચેતનાના–વિશ્વસંવેદનાના મૂળ કેટલા ઊંડા છે એનો પરિચય કરાવી આપે છે. કવિ વિશ્વચેતના – વિશ્વસંવેદનામાં એવા એકાકાર થયા છે કે કવિ વિશ્વનું કોઇ નશાની માફક રસપાન કરે છે :

***'વિશ્વને હું પીઉં એમ જ તું ય ગટગટ પી, રમેશ***
***કે જુદી એનાથી કોઇ મયકશી હોતી નથી'***

કવિ પાસે વિશ્વના જુદાં જુદાં સંવેદનો છે, એમાં કયારેક કવિને વિશ્વના કેટલાક ભયાનક અનુભવો પણ થયા છે. કવિ પોતાની આ અનુભવમૂડીને ખપમાં લઇ કાવ્ય રચે છે ત્યારે આવી સુંદર અને કલાત્મક પંક્તિઓ અવતરે છે :

***'છે વિશ્વ કાળી ચીસ જેવું રમેશ***
***ને તમે છો એના ખાસ શ્રોતામાં'***

× × ×

***'ત્રણ અક્ષરમાં માપી લીધું વિશ્વને, રમેશ***
***પૂછો કે એનું નામ હતું, વેદના, તો હા'***

આવી રીતે રમેશ પારેખે વિશ્વના સંદર્ભમાં અનેક સંવેદનો કાવ્યસ્થ કર્યા છે. કવિ રમેશ પારેખને વિશ્વનો 'કાળી ચીસ' અને 'વેદના' જેવો પણ અનુભવ થયો છે. એમ કહી શકાય કે કવિ રમેશ પારેખને વિશ્વના દરેક સ્વભાવનો પરિચય છે અને એ અનુભવને હંમેશ તેઓ કાવ્યસ્થ કરતાં રહ્યા છે.

રમેશ પારેખની કાવ્યરાશિમાંથી પ્રાપ્ત થતાં વિશ્વસંવેદનના અન્ય કેટલાક હૃદયગમ્ય કલ્પનો પણ નોંધનીય બને છે, જેમ કે –

***'વિશ્વમાં પેસીએ, ટેસથી બેસીએ***
***ટેસથી આંખને ટાંગીએ ગાળીએ'***

× × × ×

***'ટ્રાઇસિકલમાં બેઠા અને ફરવા નિસર્યા***
***ને વિશ્વનો પ્રવાસ સહુ કરવા નિસર્યા'***

× × × ×

***'– અને હંમેશ તે વિદ્યુત જેમ છટકે છે***
***ઉડેલ બલ્બ સમું મારું વિશ્વ લટકે છે'***

× × × ×

***'વિશ્વ સામે જીભ આખી હોડમાં મૂકવી, રમેશ***
***હોડ શું છે ? હાર શું છે ? ઝૂઝવું શું ચીજ છે'***

× × × ×

***'પુષ્પ ઉર્ફે એક સોનલ નામની શ્રદ્ધા***
***વિશ્વની બેબાકળી આંખોમાં અંજાવાનું નામ'***

× × × ×

***'નથી કંઇ બીજું આ સકળ વિશ્વ તો***
***માત્ર મારાં બગાસાનો વિસ્તાર છે'***

× × × ×

***'કવિતા એટલે***
***વિશ્વસુંદરીના કાનમાં***
***કવિએ કહેલી વિશ્રંભવાર્તા'***

ઉપરોક્ત કાવ્યપંક્તિઓમાં અનુક્રમે વિશ્વમાં પેસવું, ટ્રાઇસિકલમાં બેસી વિશ્વના પ્રવાસે નીકળવું, ઉડેલ બલ્બ સમું વિશ્વનું લટકવું, વિશ્વ સામે જીભ હોડમાં મૂકવી, વિશ્વની બેબાકળી આંખોમાં અંજાવું, બગાસાનો વિસ્તાર – વિશ્વ, વિશ્વસુંદરીના કાનમાં વાર્તા કહેવી – પ્રસ્તુત કલ્પનોના માધ્યમથી કવિ રમેશ પારેખે અમૂર્ત એવા વિશ્વને મૂર્ત કરવાના સફળ પ્રયત્નો કર્યા છે. ચમત્કૃતિપૂર્ણ કલ્પનવૈભવ એ રમેશ પારેખની કવિતાનો વિ–શેષ રહ્યો છે. વિશ્વચેતનાના સંદર્ભે આટલું વૈપુલ્ય, ઊંડાણ અને સચોટ અભિવ્યક્તિભાગ્યે જ અન્ય કવિ પાસેથી આપણને સાંપડે. રમેશ પારેખની વિશ્વસંવેદના કોઇ એક કાવ્ય પૂરતી સીમિત રહેતી નથી, પણ અનેક કાવ્યો સુધી વિસ્તરે છે. વિશ્વસંસ્કૃતિની ભાવના દ્વારા 'વસુધૈવ કુટુમ્બકમ'ના સગડ આપણને કવિ રમેશ પારેખની કવિતામાંથી સુપેરે સાંપડે છે.

××××××××××××××××××××××××××××××××××××××××××××××××××

સંદર્ભગ્રંથ –

૧. રમેશ પારેખ, *છ અક્ષરનું નામ*, પૃ–૬૪૮, પાંચમી આવૃત્તિ, પ્રવીણ પ્રકાશન–રાજકોટ, ૨૦૦૯.

Author: ***– પ્રા. હીરજી સિંચ, પ્રાધ્યાપક –ગુજરાતી વિભાગ, સરકારી વિનયન કૉલેજ, રાણાવાવ–જિ. પોરબંદર***